# જિલ્લાના આકાશમાં લાઈટીંગ ટ્રેન જેવો નજારો દેખાતાં ભારે કુતુહુલ



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર-દહેગામ સહિતના વિસ્તારોમાં આકાશમાં લાઈટીંગ ટ્રેન જેવો નજારો સાંજના સુમારે દેખાતા લોકોમાં ભારે કુતુહુલ સર્જાયુ હતુ.

ગાંધીનગર-દહેગામ સહિત તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં શુક્રવારે સાંજના સુમારે આ નજારો જોવા મળતાં લોકોમાં તરેહતરેહની ચર્ચાઓ કરતા સાંભળવા મળ્યા હતા.

રાજ્યના અલગ-અલગ વિસ્તારમાં છેલ્લા ૪૮ કલાકમાં દેખાયેલ આ પ્રકાશની સીધી લીટી ખરેખર શું છે ? આ કોઈ ખગોળીય ઘટના છે કે પછી યુ.એફ.ઓ. જેવુ કોઈ યાન કે પછી અન્ય કોઈ પદાર્થ છે તે બાબતે લોકો અસમંજસતા અનુભવી રહ્યા છે.

આજે સાંજે દેખાયેલા આ પ્રકાશીય લીસોટો જોવા મળતાં લોકોએ તેનો વિડીયો ઉતારીને કેમેરામાં કેદ કર્યો હતો. અગાઉ પણ આ રીતે તો પ્રકાશનો લીસોટો કે લાઈટીંગ ટ્રેન જેવો પદાર્થ દેખાયો હતો.

આજે ગાંધીનગર જિલ્લામાં જેવી રીતે આકાશમાં એક અનોખો નજારો જોવા મળ્યો હતો તેવો નજારો ગઈકાલે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણામાં દેખાયો હતો.

મળતી માહિતી પ્રમાણે ૨૧ ઓક્ટો. ૨૦૨૨ના રોજ મોડી સાંજે આકાશમાં સાબરકાંઠાના અગીયોલ ગામમાં લાઈટની એક લાઈન જોવા મળી હતી ત્યારબાદ તેનો વિડીયો વાઈરલ થયો હતો. ફરી એકવાર ચાર મહિના બાદ હિંમતનગર, ઈડર, વડાલી, પ્રાંતિજ, તલોદમાં અને ગાંધીનગર-દહેગામમાં આ નજારો જોવા મળતાં લોકોમાં ભારે કુતુહુલ સર્જાયુ છે.



ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રાંગણમાં પ્રાકૃત્તિક ખેત ઉત્પાદનોને માર્કેટીંગ કરવાની તક મળી રહે તે હેતુથી દર શુક્રવારે શાકભાજી સહિતના અન્ય ઉત્પાદનોના સ્ટોલ રાખવામાં આવે છે. આજે જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી.કે.એ આ સ્ટોલ્સની મુલાકાત લઈ ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા તેની તસ્વીર.તેઓ વિવિધ ઉત્પાદનો અને તેની જાણકારી મેળવતા નજરે પડે છે. તેમની સાથે જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ તેમજ કૃષિ વિભાગના અધિકારીઓ નજરે પડે છે.

# સરકારી આવાસોના વેરાની ઉઘરાણી મામલે તંત્રએ સરકારનું માર્ગદર્શન માગ્યું

**કોર્પોરેશ દ્વારા પાટનગર યોજના ભવન પાસે મિલકત વેરાની ઉઘરાણી કરવામાં આવી રહી છે : વેરાની રકમ અંદાજિત ૫ કરોડ**

ગાંધીનગર

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ છેલ્લા એક દાયકાથી વેરા મામલે અનેકવાર કકળાટ ઉભો થાય છે જયારે અનેકવિધ કામોને અંજામ આપવા વેરા વસુલાત આવકની દ્રષ્ટિએ પણ મહત્વની મનાઈ છે ગાંધીનગરના સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસનો મિલકતવેરો વસૂલવા માટે કોર્પોરેશન હરકત મા આવ્યું છે જયારે વારંવાર થતા ઉઘરાણા થી તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે વેરા વસૂલાત માટેની નોટિસો ના અંતે તંત્ર કક્ષાએથી આ મુદ્દે શું કરવું તેનું માર્ગદર્શન પૂરું પાડવા પણ સરકારને પત્ર લખવામાં આવ્યો છે

ગાંધીનગરમાં સરકારી આવાસોની સંખ્યા વધુ છે જયારે અનેકવિધ સરકારી કચેરીઓ પણ ધમધમે છે . વર્ષ ૨૦૧૧માં સરકાર દ્વારા હાઈકોર્ટના આદેશના પગલે ગાંધીનગરમાં મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવી હતી જયારે આ અગાઉ શહેરમાં કોઈ પ્રકારના કરવેરા અમલમાં હતાં નહીં. પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટ લાઈટ સહિતની માળખાકીય સુવિધાઓ પાટનગર યોજના વિભાગ દ્વારા પુરી પાડવામાં આવતી હતી અને અન્ય વહીવટી કામગીરી નોટિફાઈડ એરિયા દ્વારા આપવામાં આવતી હતી. જો કે આ દરમિયાન જાહેર માળખાકીય સુવિધાને લઈને નગરજનોને કોઈ પ્રકારે સમસ્યાઓ પણ ન હતી. પરંતુ વર્ષ ૨૦૧૧ બાદ નગરજનો તમામ કરવેરા ભરતા હોવા છતાં દરેક સેક્ટરમાં તૂટેલા રોડ અને કાયમની પાણી, ગટર અને સ્ટ્રીટ લાઈટના મામલે અનેક દુવિધાઓનો સામનો કરે છે ત્યારે હવે સરકારી આવાસોના વેરા મામલે પણ ઉઘરાણી થઈ રહી છે જો કે સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો ના વેરાની ઉઘરાણી મામલે અગાઉ તત્કાલીન માર્ગ અને મકાન મંત્રી નીતિનભાઈ પટેલે મહાપાલિકાના અધિકારીઓને આડે હાથ લીધા હતાં. સરકારી આવાસનો મિલકતવેરો સંદર્ભે એક દાયકાના

● અનુસંધાન પાન-૭ પર

## શહેરીજનોને ઠંડીમાં રાહત : લઘુત્તમ-મહત્તમ તાપમાન વધ્યુ

**છેલ્લા કેટલાય દિવસોથી હેરાન પરેશાન કરી રહેલી આકરી ઠંડીમાં રાહત : લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઉંચકાયુ**

ગાંધીનગર, તા. ૩

ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં જ ઠંડીમાં રાહત મળી છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વધતાં ઠંડીનો પ્રકોપ ઘટ્યો છે. લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું વધતા અને ઠંડા પવનો બંધ થતાં વસાહતીઓએ ઠંડીમાં ખૂબ રાહત મેળવી છે.

છેલ્લા ઘણા દિવસોથી વસાહતીઓને હેરાન-પરેશાન કરતાં ઠંડા પવનો બંધ થતાં લઘુત્તમ તાપમાન ઉંચકાયુ છે. લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં બે ડિગ્રીનો વધારો થયો છે. ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં ઠંડીમાં રાહત મળવાનું શરૂ થઈ ચુક્યુ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડિ.સે. હતુ જે આજે લગભગ બે ડિગ્રી જેટલુ ઉંચકાઈને ૧૩.૨ ડિ.સે. નોંધાયુ હતુ. આ સાથે જ મહત્તમ તાપમાન પણ દોઢ ડિગ્રી જેટલુ વધીને ૩૦ ડિ.સે. સુધી પહોંચ્યુ હતુ. તાપમાનનો પારો ઉંચકાતા દિવસ દરમ્યાન પહેરવા પડતા ગરમ વસ્ત્રોમાંથી મુક્તિ મળી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં ઠંડીમાં રાહત મળશે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૪ થી ૫ ડિ.સે. જેટલુ ઉંચકાશે. ધીમે ધીમે ઠંડી સાવ ઘટી જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા દોઢ મહિનાથી તાપમાનમાં વધ-ઘટ સાથે ઠંડીનું પ્રમાણ ખૂબ જ રહ્યું હતું. દર વર્ષ કરતાં આ વર્ષે ઠંડીનો પ્રકોપ વધ્યો હોય એમ વર્તાય છે. હવામાન શાસ્ત્રી અંબારામ પટેલની આગાહી મુજબ હવે ૧૨મી ફેબ્રુઆરી બાદ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થશે. ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહમાં મહત્તમ તાપમાન ૩૬ થી ૩૮ ડિગ્રી રહેવાની સંભાવના છે. અને લઘુતમ તાપમાન ૧૭ થી ૧૯ ડિગ્રી તાપમાન રહેશે. આમ ગરમીની શરૂઆત ત્રીજા અઠવાડિયાથી જ શરૂ થઈ જશે. અને એકાદ મહિનામાં ધોમધખતો તાપ અનુભવાશે. આ વર્ષે ગરમી પણ ખૂબ જ પડવાની આગાહી કરાઈ છે.

## સે- ૩-બીના રહેણાંક વિસ્તારમાં ગટરનુ દુષિત પાણી ભરાતા રહીશોને ગુંગળામણ

**સે- ૩ બી માં પ્લોટ નં - ૨૮૯ પાસે સ્થિત ટાંકીમાં રોજબરોજ દુષિત પાણીના ભરાવાથી અસહ્ય દુર્ગંધ રહીશો તોબા : સમસ્યાનો કાયમી નિકાલ લાવવા માટે રજુઆત**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. દાયકાઓ જુની લાઈન સેકટરના વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત ન હોવાથી રોજબરોજ ગટરો ઉભરાવાની સમસ્યાઓ પણ ઉદભવે છે. જો કે હાલની સ્થિતિએ પણ સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા યથાવત છે. આજે પણ સે- ૩ બી માં ઘર આંગણે જ ગટરનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. અગાઉ પણ આ ફરિયાદનુ નિરાકરણ કરવામાં આવ્યુ હતુ પરંતુ સમસ્યાનો કાયમી ઉકેલ આવે તે માટે ત્વરિત યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા યથાવત છે. દાયકાઓ જુની ગટર લાઈનમાં વારંવાર ભંગાણ થવાના કીસ્સા પણ સામે આવે છે. જયારે ગટર લાઈનના મેઈન હોલમાં પણ ભંગાણ થવાના લીધે અગાઉ અનેકવાર સેકટરોમાં દુષિત પાણી ફરી વળ્યા હોવાન કિસ્સા પણ સામે આવ્યા છે. હાલ શહેરના જુની લાઈન નાના ડાયામીટરની હોવાથી હાલ સેકટરની વસતી અને વિકાસના દ્રષ્ટીકોણ મુજબ પર્યાપ્ત ન હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ત્યારે



સેકટરોમાં નવી ગટર લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. આ સાથે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે પાણીની લાઈન પણ નવી નાંખવા ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જો કે વર્ષો તંત્ર માટે હાલ જુની લાઈનમાં ઉદભવતી ફરિયાદોને ડામવાનુ કામ પણ દિનપ્રતિદિન મુશ્કેલ બનતુ જાય છે. શહેરમાં નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન પણ યુટીલીટી લાઈન ડિસ્ટર્બ થતા

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ૧૦૦ કી મી વિસ્તારમાં નવી ગટર લાઈન નાંખવાનુ કામ પુર્ણ

**સેકટરોમાં પસાર થતી અન્ય યુટીલીટીઝ ગેસ, પાણી, જુની ગટર લાઇન, ફાઇબર કેલલ વિજળી તેમજ સ્ટોર્મ વોટર લાઇનમાં ભંગાણ ન થાય તેની વિશેષ કાળજી રાખવામાં આવે છે : ગટર લાઇનનુ ૨૫ ટકા કામ પુર્ણ થયુ છે**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની દાયકાઓ જુની લાઈન બદલવા હાલ નવી લાઈન નાંખવામાં આવી રહી છે. મોટાડાયામીટર વાળી લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જયારે આ યોજનાનુ કામ ગીરી પાટગર યોજના વિભાગ દ્વાર કરવામાં આવી રહી છે. જો કે સે- ૧૪ થી ૩૦ માં નવી ગટર લાઈન નાંખવાનુ કામ હાલ ચાલી રહ્યુ છે. ત્યારે આ યોજના અન્વયે અત્યાર સુધી ૨૫ ટકા જેટલુ કામ પુર્ણ કરાયુ છે. રૂટમાં આવતી યુટીલીટીઝ લાઈનના લીધે તંત્ર માટે કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. જયારે અત્યાર સુધી આ સેકટરોમાં અંદાજિત ૧૦૦ કી મીના વિસ્તારમાં લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરાયુ છે.

ગાંધીનગરમાં અંદાજિત પાંચ દાયકા જુની ગટર લાઈનના લીધે સેકટરોમાં હાલ ગટરો ઉભરાવાની સમસ્યા પેચીદી બની છે. જયારે હાલ શહેરના સેકટરોમાં નવી અને મોટાડાયામીટર ધરાવતી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જે અન્વયે હાલ સે- ૧૪ થી ૩૦ માં નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ. જુની લાઈન અંદાજિત ૪૦૦ કી મીની છે. જયારે તમામ સેકટરોમાં લાઈન નવી નાંખવાની હોવાથી હજુ આ પ્રોજેકટ પુર્ણ થતા સમય લાગશે.સે- ૧૪ થી ૩૦ માં અંદાજિત ૧૦૦ કી મી ની લાઈન નવી નાંખવામાં આવી છે. જેમાં ૧૦૦ થી ૩૦૦ એમ એમ ડાયામીટરની લાઈનનો સમાવેશ થાય છે. જયારે નવી લાઈન નાંખવાનુ કામ પુર્ણ થયા બાદ હાઉસ કનેકશન આપવાની કામગીરી હાથ ધરાશે. જયારે નવી લાઈનનુ કામ ચાલુ છે. ત્યારે અન્ય કોઈ મુશ્કેલી ન સર્જાય તે માટે હાલ જુની લાઈન પણ યથાવત રાખવામાં આવી છે. જયારે હાલ સેકટરોમાં જુની લાઈનને યથાવત રાખીને શકય હોય ત્યાં સુધી સેકટરોની શેરીઓમાં માર્ગની એકબાજુએ અગર માર્ગ વચાળે લાઈન નાંખવામાં આવી રહી છે.જો કે હાલ ગટર લાઈનની કામગીરીમાં સ્થળ પર કામ કરતી વેળાએ પસાર થતી અન્ય યુટીલીટીઝ અલબત્ત ગેસ, વિજળી, પાણી, સ્ટોર્મ વોટર , ફાઈબર નેટવર્ક સહીતની લાઈન પણ તુટે નહી તે મુજબ કામ કરવાનુ હોવાથી વધુ સમય જાય છે. અલબત્ત જુની લાઈનો કે અન્ય કેબલો કે લાઈનમાં ભંગાણ ન થાય તેની પણ વિશેષ તકેદારી રાખવી અનિવાર્ય છે.



પદયાત્રા - શહેરના અગ્રણી ઉદ્યોગપતિ અને સામાજીક અગ્રણી કમલ જૈન પ્રેરિત ગાંધીનગર - મહુડી પદયાત્રામાં અનેક સામાજીક આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા... દર બે વર્ષે યોજાતી આ પદયાત્રામાં કમલ જૈનનું વિશાળ મિત્રવર્તુળ અને શુભેચ્છકો મહુડીના દર્શન કરવા પદયાત્રામાં જોડાય છે... મોડીસાંજે પુનિતધામમાં વિરામ અને ભજનનો કાર્યક્રમ પણ યોજાયો હતો... શનિવારે વહેલી સવારે પદયાત્રીઓ મહુડી પહોંચશે...

## પંચાયત વેરાની નબળી વસુલાતને લઈ ૫૫ તલાટીને નોટીસ અપાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં પંચાયત વેરાની નબળી વસુલાતને લઈ ૫૫ તલાટીઓને કારણદર્શક નોટીસ આપવાનો નિર્ણય જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ દ્વારા લેવામાં આવ્યો છે.

**૭મીથી તાલુકાવાર પંચાયતના સભાખંડમાં તલાટીઓ સાથે આ અંગે સમીક્ષા બેઠક યોજાશે**

જિલ્લામાં પંચાયત વેરાની ૨૫ ટકાથી પણ ઓછી વસુલાત કરનારા તલાટીઓને અલગ તારવી આ કારણદર્શક નોટીસો પાઠવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે કલોલના ૧૨, દહેગામના ૧૧, ગાંધીનગરના ૭ અને માણસાના ૨૫ ગામના તલાટીઓને આ કારણદર્શક નોટીસ આપવામાં આવી છે.

તાજેતરમાં તાલુકા વિકાસ અધિકારીઓની સમીક્ષા બેઠકમાં નબળી વેરા વસુલાતને લઈ તેમને પણ નોટીસો બજાવવામાં આવી હતી. આ પછી ૨૫ ટકાથી ઓછી વસુલાત કરનારા તલાટી અને ગામની વિગતોનો અહેવાલ મેળવવામાં આવ્યો હતો. જિલ્લામાં પંચાયત વેરાની નબળી વસુલાતને સાંખી નહિ લેવાય તેવો સ્પષ્ટ સંકેત તેમણે તાલુકા વિકાસ અધિકારીઓની બેઠકમાં આપ્યો હતો.મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારી હવે આગામી ૭મી ફેબ્રુઆરીથી તાલુકાવાર તલાટીઓની સમીક્ષા બેઠક યોજવામાં આવશે. આ બેઠકમાં ૨૦૨૨-૨૩ના ૩૧-૧-૨૩ અંતિત પંચાયત વેરા વસુલાતની સમીક્ષા, ગ્રામ સુવિધા પોર્ટલ પર થયેલ એન્ટ્રીની સમીક્ષા તેમજ ૧૫મા નાણાંપંચ અંતર્ગત ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ના ગ્રામકક્ષાના કામોની સમીક્ષા કરવામાં આવશે.

આ બેઠકમાં ૨૦૨૩-૨૪ના ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવા તેમજ તેના એપ્રુવલ અંગે પણ સમીક્ષા કરવામાં આવનાર છે.

જિલ્લામાં મહેસુલી વેરાની નબળી વસુલાત બાદ હવે પંચાયત વેરાની પણ નબળી વસુલાતને લઈ જિલ્લાએ આક્રમક નીતિ અખત્યાર કરવા માટે મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

આજે ૫૫ તલાટીઓને અપાયેલ કારણદર્શક નોટીસનો જવાબ મળી ગયા પછી જરૂર પડ્યે આગળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

## અંદાજપત્ર માટે દરેક શાખાને ૧૧ ફેબ્રુ. સુધીમાં જરૂરિયાતો મોકલવા સૂચના

ગાંધીનગર, તા. ૩

જિલ્લા પંચાયતના વર્ષ-૨૦૨૩-૨૪ના બજેટ અંગે પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં દરેક શાખાને ૧૧મી ફેબ્રુઆરી સુધીમાં તેમની જરૂરિયાતો સંદર્ભે લેખિત રજુઆત કરવાની રહેશે તેવી સૂચના અધિકારીઓને આપવામાં આવી છે.

આજે અંદાજપત્રની ચર્ચા માટે બોલાવાયેલી બેઠકમાં વહીવટીય ખર્ચ પણ ઓછો થાય તેમજ જનઉપયોગી કામો વધુ થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. કરકસરની નીતિનો અસરકારક અમલ કરવા પણ તેમણે જણાવ્યુ હતુ.

જિલ્લા પંચાયતના પ્રમુખે દરેક શાખાને તેમની જરૂરિયાત કેમ છે અને તે અમલી બનતાં લોકોને કેટલો ફાયદો થશે તે અંગેની ટૂંકી નોંધ પણ રજુ કરવા માટે કહ્યુ છે. આયોજનો બેવડાય નહિ તે જોવા પણ તેમણે કહ્યુ હતુ.

જિલ્લા પંચાયતની આવકમાં થયેલા ઘટાડાને લઈ તેમણે ચિંતા વ્યક્ત કરતાં કહ્યુ હતુ કે આવકના નવા સાધનો ઉભા કરવા તેમજ વધુમાં વધુ નાણાંકીય સહાય સરકારમાંથી ઉપલબ્ધ બને તે માટે ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખે સહિયારો પ્રયાસ કરવો પડશે.

જિલ્લા પ્રમુખે અંદાજપત્રમાં કરાયેલી જોગવાઈઓનો ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ થાય તે જરૂરી હોવાનું પણ જણાવ્યુ હતુ. તેમણે જિલ્લામાં વિકાસના કામોનું આયોજન કરી તેના અમલીકરમનો રોડમેપ પણ સાથે જ તૈયાર કરવો જોઈએ તેવો આગ્રહ કર્યો હતો.

જિલ્લા પંચાયતના પ્રમુખે આવકના સ્ત્રોતોના સઘનીકરણ પર ભાર મુક્યો હતો. તેમણે કહ્યુ હતુ કે સ્વભંડોળની આવક વધે તે એટલુ જ જરૂરી છે. જિલ્લા પંચાયતનું નવુ મકાન બનાવવા માટે પણ ફંડની જરૂરિયાત રહેશે એટલુ જ નહિ આ વર્ષે લેવામાં આવનારી વિવિધ સંવર્ગોની ભરતી માટે પરીક્ષાઓના આયોજન સહિતના ખર્ચાઓ તેમજ અન્ય ખર્ચને પહોંચી વળવા માટે પણ આયોજન યોગ્ય થાય તે જરૂરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com